R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-


# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 59 Issue No. 1 APRIL - 2015

## વારલી કલાનું - આનંદ કિલ્લોલ કરતું

## તારપા નૃત્ય





આ અંકથી હાર્દિક શુભેચ્છા

સર્વ બાલાસિનોરવાસીઓને અમારા જે જે શ્રી ગોકુલેશ

2nd Cover Page



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત
## વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫મા ઉર્તીણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમાં K.G. ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C., B.Com. B.Sc, BDC, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરિક્ષામા સારા માર્ક સાથે ઉર્તીણથનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષકોપી) પાછળ પુરુ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૧૦-૬-૨૦૧૫ સુધીમાં સંસ્થાની ઓફીસમાં આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

મંત્રી : ભાવેશ બીપીન મોદી                    સહમંત્રી : જસ્મીન શેઠ

✤✤✤✤✤

- ✤ શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના
- ✤ શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પિટલ સહાય યોજના
- ✤ શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- ✤ ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી
- ✤ શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિના અનુસંધાનમા ચાલુ વર્ષ (૨૦૧૫-૨૦૧૬) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ તા. ૨૫-૪-૨૦૧૫ ના રોજથી નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

**ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા :**

નવભારત ટ્રેડીંગ કું. ૩૩, ગ્રાઉન્ડ ફ્લોર, દેવકરણ મેન્શન કંપાઉન્ડની અંદર, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨. સમય ૧૨ થી ૬

મંત્રી - ભાવેશ મોદી                    સંયોજક - ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા (ખીસાદાર)

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૫૯ | ૦૧ | ૨૧-૦૪-૨૦૧૫ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



**નિખિલ પરીખ (તંત્રી)**

**બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ**

**જીગર કડકીઆ / પ્રશાંત પરીખ**

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# વારલી આર્ટ

## કલાજગતની સુંદર ભેટ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

વારલી પેઈન્ટીંગ, વારલી આર્ટ વિશે વાત નીકળે એટલે નજર સમક્ષ નાની નાની, આડી, ઊભી, ત્રાંસી, વળાંકવાળી લાઈનોના રેખાંકનો દ્વારા બનાવેલા ચિત્રો તરી આવે.

મૂળ વારલી એક આદિવાસી જ્ઞાતિ છે. આ કલા ૨૫૦૦ થી ૩૦૦૦ વર્ષ પુરાણી મહારાષ્ટ્રની કલા છે. મહારાષ્ટ્રના દહાણુ, વસઈ, જવાહરના અંતરિયાળ ભાગમાં વસતાં આદિવાસીઓએ વિકસાવેલી આ કલા છે. આ આદિવાસીની જ્ઞાતિ વારલી એટલે નામ પડયું વારલી પેઈન્ટીંગ, વારલી આર્ટ. બાર ગાઉએ બોલી બદલાય તેમ અલગઅલગ જગ્યાના આદિવાસીઓની આ વારલીકલામાં નાના નાના ફેરફાર નજરે પડે છે.

કુદરતને ખોળે જીવતા આ લોકોએ કુદરતમાંથી ભૌમિતિક આકારો પ્રાપ્ત કર્યા. સૂર્ય, ચંદ્ર, ઉપરથી પ્રેરણા મેળવી ગોળાકાર, અર્ધગોળાકાર વગેરે લીધા. પર્વતની ટોચ, વૃક્ષ પરથી ત્રિકોણ-આકાર મેળવ્યો. જમીન પરથી ચોરસ-લંબચોરસ આકાર પોતાની કલામાં ઉતાર્યા. વારલી જ્ઞાતિના આદિવાસીઓ જે ચિત્રો બનાવે છે. તેમની આ કલામાં સવાર થી રાત સુધીની તેમની દિનચર્યા નજરે પડે છે. તેઓનું જીવન ખેતીપર નિર્ભર હોવાથી ખેતીકામ સિવાયના બાકીના સમયમાં તેઓ આ કલા પર હાથ અજમાવે છે. ત્યાંના પ્રદેશમાં તાડ, ખજૂરી, નાળિયેરી જેવા વૃક્ષો વિશેષ પ્રમાણમાં થાય છે. વેલા પર થતાં શાકભાજી, ફળ વગેરે પણ જોવા મળે છે. કામની થકાવટ દૂર કરવા તાડી, દેશીદારૂ પીપીને મન બહેલાવતા હોય છે, અને ઘરની



શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી ના જે જે શ્રી ગોકુલેશ

અંદર બહારની દિવાલો પર, આંગણામાં વારલી ચિત્રો દોરતા હોય છે. ઝૂંપડા જેવા તેમના ઘરોમાં ગોબર, માટીના લીંપણવાળી દિવાલો, ઓટલા સપાટ સમથળ કરી દરવાજાની બારસાખની આજુબાજુ પર, બહારની દિવાલો પર વિશેષ રીતે આવા ચિત્રો દોરતા હોય છે.

વારલી કલામાં ત્રણ નૈસર્ગિક રંગોનો ઉપયોગ તેઓ કરે છે. બળેલા લાકડા, કોલસામાંથી કાળો રંગ, ગેરૂમાંથી બ્રાઉન રંગ, ચોખાની પેસ્ટમાંથી સફેદ રંગ બનાવે છે. મુખ્યત્વે આ ત્રણ રંગો નો ઉપયોગ તેઓ કરે છે.

વારલી કલામાં તેઓની દિનચર્યા, ખેતીવાડી ઉપરાંત તારપા નૃત્યના ચિત્રો નજરે પડે છે. તારપા આ એક પ્રકારનું વાદ્ય છે. આ વાદ્ય દૂધી, કોળુ અથવા વાંસમાંથી બનાવવામાં આવે છે. તારપાનૃત્યમાં તારપા વગાડનાર વચ્ચે રહે છે અને બાકીના તેની વર્તુળાકારે ફરતા ફરતા નૃત્ય કરે છે. વારલીના આર્ટિસ્ટો તારપાનૃત્ય ખૂબ પસંદ કરતા હોય છે. વારલી ચિત્રોમાં પણ અલગઅલગ થીમ હોય છે, જેમ કે ગામના સીન, ગામમાં થથી દિનચર્યા, કૂવો અને પાણી ભરતી સ્ત્રીઓ, આદિવાસી નૃત્યો, દેવીના ચિત્રો, બળદગાડા, ઘાસના ચારા લઈ જતી સ્ત્રી, ઘોડા, પક્ષીઓ વગેરે.

બેલાપુરસ્થિત આર્ટગેલેરીના આર્ટિસ્ટ મેડમ ઉજવલા ભટ્ટે વારલી કલાના ચિત્રોના પ્રદર્શન યોજે છે. અને દેશ-વિદેશમાં આ કલાનો પ્રચાર પ્રસાર કરે છે. આર્ટગેલેરીના ચિત્રોમાં કેનવાસ પર ફેબ્રિક કલર્સ વપરાતા હોય છે જેમાં ગ્રીન જેવા ડાર્ક કલર્સના બેગ્રાઉન્ડ પર વારલી આર્ટ દોરાતા હોય છે. છતાં ફોરેનર્સને ગોબર થી બનાવેલા બેગ્રાઉન્ડ પર દોરેલા વારલી ચિત્રો ખૂબ પસંદ હોય છે. અને મોં માંગ્યા દામ ચૂકવી ચિત્રો ખરીદે છે. ઘરમાં, ઓફિસમાં વપરાતાં અલગ અલગ આર્ટિકલ્સ પર પણ વારલી ચિત્રો બનાવવાનો ક્રેઝ ઉભો થયો છે. પેન સ્ટેન્ડ, ફોટો ફ્રેમ, કી હોલ્ડર, ફલાવર વાઝ વગેરે. ઘણા લોકો પોતાના જૂના જમાનાના વાસણો, બરણી, ઘડા વગેરે પર પણ આ ચિત્રો દોરાવે છે. ફેંગશૂઈ, વાસ્તુશાસ્ત્રમાં આ આનંદદાયક ચિત્રોને ઘરમાં રાખવાનું સમજાવતા હોવાથી લોકો બેડરૂમના કબાટ, ફર્નિચર પર વારલીચિત્રો દોરાવે છે. જય મહારાષ્ટ્રના વારલી ચિત્રો સર્વત્ર જયજયકાર કરતા થઈ ગયા છે. ❖❖❖❖❖

## શ્રી બાલાસિનોર મિત્ર મંડળ -મલાડ

દર વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વિતરણ નીચે જણાવેલ સ્થળે તા. ૨૪-૫-૧૫ના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે રાખવામાં આવેલ છે.

**સ્થળઃ મોદી રાજેન્દ્રભાઈ ચીમનલાલ**

ખેતાન એસ્ટેટ, બીજે માળે, ૫૨, રામચંદ્ર લેન,

મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪



સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

# ગરમી ની છુટ્ટી કરી દો!

(૧) ગરમીથી બચવા બહાર નીકળીએ ત્યારે વ્હાઈટ અથવા લાઈટ કલર્સના કપડાં પહેરવા. સફેદ રંગ પ્રકાશનું પરાવર્તન કરતો હોવાથી ગરમી ઓછી લાગે છે.

(૨) હંમેશા દિવસમાં ત્રણ થી ચાર વાર આંખો પર ઠંડા પાણીની છાલક મારવી. દિવસ દરમ્યાન બહાર નીકળતી વખતે સારી ક્વોલીટીના ગોગલ્સ પહેરવા. કાકડીના ગોળ પિત્તા આંખો પર મૂકી થોડીવાર સૂઈ રહેવું.

(૩) રબરના સોલવાળા શૂઝ, ચપ્પલ, રબરના સ્લીપર પહેરી તડકામાં ન ફરવું. રબર જલદી ગરમ થતું હોવાથી તેની ગરમી આંખો સુધી પહોંચે છે. જે નુકસાન કર્તા છે.

(૪) માથે ટોપી, કેપ પહેરવી, સ્કાર્ફ બાંધવો, છત્રી લઈને નીકળવું. ચામડી દાઝે નહીં તેવા ક્વોલીટી ક્રીમ સ્કીન પર લગાડી બહાર નીકળવું.

(૫) આ સીઝન ના ફળ અચૂક ખાવા. સક્કર ટેટી, કલિંગર, કેરી, કાળા તથા સફેદ જાંબુ, દ્રાક્ષ, સંતરા, મોસંબી વગેરે. નાળિયેર પાણી પીવા. કાળા જાંબુની સીઝન ખૂબ નાની હોવાથી ડાયાબીટીશ વાળાએ આ જાંબુ રોજ રોજ ખાવા. તેના ઠળિયા ધોઈનાખી, સૂકવી દઈ, ખાંડી ભૂકો કરવો. બોટલમાં ભરી રાખવો. ડાયાબીટીશવાળાએ આ એક ચમચી ભૂકો રોજ લેવો. ફાકી પાણી પી જવું.

(૬) કેરીનો બાફલો, કાચી કેરીનું શરબત તેમજ ગુલાબ, ખસ, કાચી વરિયાળી, સાકરનું શરબત તનબદનમાં ઠંડક ફેલાવે છે. ગુલકંદ આરોગ્યપ્રદ છે. ગુલાબજળ નાખી પાણી પીવું. મિઠાઈના શોખીનોએ ગુલાબજળ વાળા રસગુલ્લા ખાવા અને ખવડાવવા. ગોળવાળુ લીંબુ શરબત પીવું.

(૭) શરીરને દાહ થી બચાવવા ધાણા, જીરૂ, ખડીસાકર, છાસ, લસ્સી, તકમરીયા વગેરે લેવા.

(૮) કાંદો ખાવો, બહાર નીકળતી વખતે આખો કાંદો ખિસ્સામાં મૂકી રાખવો.

(૯) ફ્રીઝમાં મોગરાના ફૂલ રાખવા. ફ્રીઝ ખોલતાં કીચન સુગંધ થી તરબતર થઈ જાય છે.

(૧૦) બારી બારણાં પર ખસની પટ્ટી બાંધવી. તેના પર પાણીની છાલક મારવી. હવા આવતા જ ઠંડક અને સુગંધ ઘરમાં પ્રસરે છે.

(૧૧) ઠાકોરજીના પ્રસાદનો પનો લેવો. કપાળમાં ચંદનના તિલક કરવા, ચંદનના લેપ કરવા.

(૧૨) બળતરા દાહ દૂર કરવા કડવા લીમડાના પાણીથી સ્નાન કરવું. ગુલાબની પાંખડી વાળા પાણી થી સ્નાન કરવું.

(૧૩) સૂકાપ્રદેશમાં લૂ ન લાગે તે માટે માથા પર ભીનો ટુવાલ મૂકી ફરવું.

(૧૪) નસકોરી ફૂટે તો માથા પર ઠંડા પાણીની ધાર કરવી.

(૧૫) જેમ ઘરમાં સાફસફાઈ કરવા પેસ્ટકંટ્રોલ કરાવીએ છીએ તેમ શરીરની આંતરિક સફાઈ કરવા ચૈત્રી નવરાત્રીના નવ દિવસ રોજ એક ગ્લાસ. કડવા લીમડાનું પાણી પીવાનું હોય છે. આપણે આ તક ચૂકી ગયા હોઈએ તો ગરમીમાં સળંગ નવ દિવસ રોજ એક ગ્લાસ કડવા લીમડાનું પાણી પીવું. આનાથી શરીરના જૂના મળ-કચરા, સાફ થઈ જાય છે. આ પ્રયોગમાં કોઈપણ રીતે અતિરેક કરવો નહીં.

# "PK "

✍ નિખિલ પરીખ

ગયા વર્ષે સૌથી વિવાદાસ્પદ પીકચર હતું "PK". આમ પણ આમીરખાનના પીકચરની લોકો હંમેશા રાહ જોતા જ હોય છે. 'ઓહ માય ગોડ' પછીની આ બીજી ફિલ્મ હતી જેમાં ધર્મની અંધશ્રધ્ધાઓ અને કહેવાતી ધાર્મિકતા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ધર્મ ઉપર બનતી બધી ફિલ્મો હમેશા ભારતમાં વિવાદાસ્પદ બનતી જ હોય છે. કદાચ પીકચર ચલાવવા માટેનું આ નાટક પણ હોય શકે. ખેર મને આ પીકચરમાં કંઈ વિવાદાસ્પદ ન લાગ્યું. આ બધી ધાર્મિકતા અને કહેવાતા ધર્મગુરૂઓ લોકોજ બનાવતા હોય છે અને દરેક ધર્મમાં આ બધું ચાલતું જ રહેવાનું મને જે સ્પર્શી ગયું એ અમીરનું પાત્ર. બીજી દુનિયામાંથી, પરગ્રહમાંથી આવતો માનવી આ ગ્રહ જેમાં ભાષા નથી. લોકો એકબીજાના હાથ પકડીને એકબીજાના માઈન્ડની વાતો વાંચી શકે છે જો આવું હોય તો માણસોના વિચારો કેટલાં શુદ્ધ થઈ જાય ? ભાષા હોય તો વિચાર એક હોય ને શબ્દો બીજા નીકળે. મનમાં સખત ગુસ્સો હોય અને શબ્દો રસ ઝરતાં નીકળે. મનમાં થથું હોય 'આ ચૌરસીયો ક્યાં ભટકાયો' અને મોમાંથી શબ્દો નીકળે 'આવો આવો રમેશભાઈ ઘણા વખતથી તમને યાદ કરતો તો' હવે જો રમેશભાઈ તમારો હાથ પકડીને તમારા વિચાર જાણી શકતાં હોત તો શું આપણે આવા વિચારો કરતે ? આજે દુનિયામાં કેટલી બધી ભાષાઓ બોલાય છે, દરેક દેશની જુદી ભાષા આપણા દેશમાં તો દરેક રાજ્યમાં જુદી ભાષા અને પાછું એકજ ભાષાની બોલી દરેક ગામમાં અલગ. કહેવત છે ને 'બાર ગામે બોલી બદલાય'. ભાષાથી પડતાં ભાગલા અટકી જાય. વિવાદો દુર થઈ જાય, દુનિયાના કેટલા બધા કોમ્પલીકેશનો સોલ્વ થઈ જાય. પીકે ની જેમ બીજાની ભાષા શીખી શકાય તો પણ કેટલું આસાન થઈ જાય. બધા જ એક બીજાને હાથ પકડીને દેશ વિદેશની બધી ભાષાઓ પણ શીખી જાય. સ્કુલમાં ચાર ભાષાઓ શીખવી ના પડે. સરનો હાથ પકડીને ચાર કલાક બેસીએ એટલે ભાષા આવડી જાય. ધંધામાં હાથ મિલાવીને જ સામે વાળો આપણને કેટલો લુંટે છે એનો ખ્યાલ આવી જાય. હસ્તમેળાપ થતાંની સાથેજ કેટલાંયે લગ્નો તુટી જાય એવું પણ બને. ગર્લફ્રેન્ડનો હાથ પકડીને ચાલતાં ચાલતાં બીજી છોકરીના વિચાર પણ ના કરી શકાય. ભારતના નમસ્તેની તો મોનોપોલી થઈ જાય. આપણે ભારતીયોજ આપણા પોતાના બે હાથ જોડીને અભિવાદન કરીએ છીએ. પછી આખી દુનિયા હસ્તધુન છોડીને નસમ્તે કરતી થઈ જાય. લોકો એકબીજાની સાથે હાથ મેળવતાં ડરવા લાગે.

બીજી અજીબ વાત હતી. કપડાંની, PK ના એ ગ્રહ ઉપર લોકો કપડાંજ નથી પહેરતા, આપણે ત્યાં માણસની ઓળખ કપડાં ઉપરથી થાય છે. માણસ ક્યા ધર્મનો છે, કયા પ્રદેશનો છે, પૈસાવાળો છે કે ગરીબ, રોમિયો છે કે બિઝનેસમેન બધું કપડાં ઉપરથી ખબર પડે છે. કપડાં જ ન હોય તો ધર્મ, દેશ, રાજ્ય, ઉંચનીચના ભેદભાવજ ન રહે. કહેવત છે ને 'કપડાં નીચે બધા જ નાગા' અંદરથી માણસ ગમે તેવો હોય. કપડાંથી જાતને છુપાવી શકે છે. દુનિયાની મુશ્કેલીઓનો સામનો ન કરી શકનાર, પોતાના કુટુંબને છોડીને ભાગી જનાર કાયરો ભગવા પહેરીને સાધુ ને બાબા કહેવાય છે. કાળા કામો કરનારા ખાદી પહેરીને નેતા અથવા ગાંધીવાદી કહેવાય છે. લોકોને ઠગનાર અને ટોપીઓ ફેરવનાર સુટબુટ પહેરીને જેન્ટલમેન કહેવાય છે. કપડાં ના હોય તો આ બધા લોકો પોતાની સાચી ઓળખ છુપાવી ન શકે. અને બીજો ફાયદો એકે દરેક માનવી પોતાના શરીર પ્રત્યે સભાન થઈ જાય. બોડી બિલ્ડીંગ બધાજ કરવા લાગે, મોટા પેટવાળાઓ ફાંદ છુપાવીના શકાય એટલે ઘટાડવાના કામે લાગી જાય.

પીકે પીકચર જોઈને સુઈ ગયો એ રાતે આવા અને બીજા અનેક વિચારો અને સપનાઓ માનસ પટ ઉપરથી પસાર થઈ ગયા. સવારે ઉઠીને વિચારે ચઢી ગયો. શું ભાષા, બોલી વગર રહેવું ખરેખર સારી વસ્તું છે ? શું

શબ્દો વગર, બોલ્યા વગર આપણા મનની વાતો બીજા સુધી બરાબર પહોંચે ખરી. સ્પર્શ થી સામેવાળાના દિમાગની કે મનની વાતો વાંચી શકાતી હશે કદાચ પેલા બીજા ગ્રહ ઉપર, પણ શું હૃદયના ભાવ ભાષા વગર વ્યક્ત કરવાનું શક્ય બને ? બોલીના આરોહ અવરોહ વગર શું જુદી જુદી રીતે કહેવાયેલી એક જ વાત સમજી શકાય ખરી ? ધારો કે મગજમાં હોય 'તું જા' અથવા 'યુ ગો' જુદી જુદી રીતે આજ વાત કહેવાય તો કેટલાં બધા અલગ અલગ અર્થો નીકળે.

તુ જા - આજ્ઞા, તું જાય છે ? પ્રશ્ન. જો ને યાર - કંટાળો, પ્લીઝ જા - (અકેલા છોડ દે)-રીકવેસ્ટ, જાય છે કે .. ધમકી ચાલ્યો જા (ગેટ લોસ્ટ) - ધિક્કાર

હવે બીજાના દિમાગમાં તું જા વાંચીને આ ભાવો સમજી શકાય ખરા ?

બીજું બોલવાની સાથે સાથે માણસના મોઢાના હાવભાવ આંખોમાં આવતા હૃદયના ભાવ સમજી શકાય ખરાં, મોઢા ઉપર દેખાતાં મનના તરંગો વાંચી શકાય ખરાં આંખના આંસુ હર્ષના છે કે દુઃખના સમજી શકાય ખરું ? હા સ્પર્શની હૃદયની એક ભાષા હોય છે જે બોલ્યા વગર પણ સમજી શકાય છે. બીજાના દિમાગમાં વાંચ્યા વગર પણ અનુભવી શકાય છે પરંતુ એ તો સામેવાળો માણસ આપણી પાસે હોય તો. દુર, પરદેશ રહેતાં આવણા આપ્તજનો સાથેનો વાર્તાલાપ ભાષા કે શબ્દો વગર ક્યાંથી શક્ય બને ? અરે આપણે ક્યાંરેક આપણી માતૃભાષા સિવાયની ભાષામાં પણ ક્યાં હૃદયના ભાવ સારી રીતે વ્યક્ત કરી શકીએ છીએ. જોક, સંગીત, કવિતા, ગીતો, સાંભળ્યા કે બોલ્યા વગર કેવી રીતે એનો આનંદ લુટી શકાય ? ફોન દ્વારા વિડીયો કોન્ફરન્સ દ્વારા થતાં કોમ્યુનીકેશન કેવી રીતે શક્ય બને ? આપણી જુઠુબોલવાની વાત પણ પીકેમાં સરસ કહી છે પરંતુ ઘણાં જુઠાણાંઓ સંબંધો સાચવી લેતા હોય છે. બીજાને સુખ

આપી શકતાં હોય છે. પોતાની વેદના છુપાવી શકતા હોય છે. પેલી સર્ઈની એડની જેમ કહી શકાય. 'કીસી કી ભલાઈ કે લીયે બોલા હુઆ જુઠ અચ્છા હોતા હૈ'.

કપડાંની વાત કરીએ તો કપડાં વગર શું આ દુનિયાના કુદરતી રંગો આપણે અપનાવી શક્યાં હોત ? કેસરી હિંદુનો અને લીલો મુસલમાનનો એમ રંગો ભલે હિંદુ-મુસ્લીમ થઈ ગયાં હોય પણ કેસરી કપડાં આજે પણ ત્યાગના પ્રતિક છે. ગુલાબી અને લાલ રંગ પ્રેમના પ્રતિક છે. સફેદ કપડાં શાંતિના અને કાળા કપડાં શોકના પ્રતિક છે. કપડાં આજે પણ મનના ભાવો, મનની વાતો પ્રગટ કરતાં હોય છે. સારાને સુઘડ કપડાં આપણો આત્મવિશ્વાસ વધારતાં હોય છે. કપડાં જ્યારે વર્દી બને ત્યારે વ્યવસાયને ગરિમા બક્ષતા હોય છે. સૈનિકની વર્દીને સહજ પણે સલામી અપાઈ જાય છે અને પોલીસની વર્દી જોઈને ડર અને સલામતી એમ બન્ને ભાવો મનમાં એક સાથે પ્રગટ થાય છે. થોડાં સ્થુળ કે ઠીક ઠાક દેખાતાં લોકો પણ શરીરની કે ચહેરાની કમી કપડાં થી પુરી કરી શકતાં હોય છે. સ્ત્રી પુરુષના એકબીજાના આકર્ષણનું કારણ પણ કપડાં જ છે. જે સુંદરતાં કપડાં પાછળ છુપાયેલી હોય એનું આકર્ષણ વધુ હોય છે અને કપડાં વગરનું આકર્ષણ લાંબુ ટકતું નથી. બાકી સંબંધોની આમાન્યા કે શરમ પણ કપડાં વિના શક્ય નથી.

માણસ વાનરમાંથી માનવ બન્યો અને જંગલમાંથી સભ્ય બન્યો એનું પ્રથમ પગથિયું ભાષા (બોલી) અને કપડાંજ હતું. કદાચ પીકેના ગ્રહ ઉપર માનવી હજી પણ આપણા આદીમાનવના સમયમાં (પ્રીમીટીવ સ્ટેજમાં) રહેતાં હશે. કદાચ પીકે પણ પોતાના ગ્રહ ઉપર જઈને મારી જેમ જ અસંમજમાં હશે કે ભાષા અને કપડાં સારા છે કે પછી માનવી માનવી વચ્ચેની દુરી વધારતાં પરિબળો છે ? ભાષાને કપડાં અપનાવવા જેવા છે કે પછી જેવા છીએ એવાંજ સારા અને સુખી છીએ ?

❖❖❖❖❖

# ભૂલ એકરાર ? ઈન્કાર ? કે પછી ....

✍ શૈલેષ કે. દેસાઈ

જીવનમાં નાની મોટી ભૂલો કરે તેનું નામ જ માણસ. ભૂલમાં શીખ છે. જીવનમાં ભૂલ કરુણતાનું નિમિત બની શકે છે. યોગ્ય પાત્રની શોધમાં ભૂલ થતાં જીવનભર પસ્તાવવું પડે છે. ને કદાચ છૂટાછેડાનો આશ્રય પણ લેવો પડે. ભૂલ પછી જીવનમાં ટર્ન આવે છે, જો પશ્ચાતાપ થાય તો જીવનમાં દરેક ક્ષણ કસોટીની છે. નિર્ણય હર ઘડીએ લેવો પડે છે. રસ્તો ક્રોસ કરતા સામેથી ગાડીની સ્પીડની ધારણા ખોઈ બેસીયે તો અકસ્માત આણી શકાય તેમજ ચઢતા ઉતરતા ખોટો નિર્ણય ફ્રેકચર આણી શકે છે. બોલવામાં બોલ શસ્ત્રથી પણ સંબંધને છેદ લગાવી શકે છે. શરદબાબૂની સદાબહાર આવૃત્તિ દેવદાસ પારૂને પત્રથી લગ્નની ના પાડયા પછી ઘોડાગાડીમાં તેના ઘર સુધી પહોંચે છે ત્યારે જ પત્ર પારૂના હાથમાં આવી જાય છે. નશામાં દેવદાસ વલોપાત કરે છે કે એક છોટીભૂલ કી ઈથની બડી સજા ? એ મિલી બ્રોન્ટીની વિશ્વવિખ્યાત કૃતિ વુડરિંગ **હાઈટસ**ના બે મુખ્ય પાત્રો, હીથ કલીફ અને એમિતીના જીવનમાં ભૂલ મોટો ભાગ ભજવે છે. કીપકલીફ જ્યારે સફળતા મેળવવા બહાર જતો રહે છે ત્યારે નાઈકા ભૂલ કરી બેસે છે. પણ સહી હીથ કલીફ દારૂનું સેવન ન કરતાં બદલો લેવાની પ્રતિક્ષા કરે છે. બન્નેના અંત કરૂણ આવે છે.

ગાંધીજીએ આત્મકથામાં નાની ભૂલો, મોટી ભૂલો અને હિમાલય જેટલી ભૂલનો એકરાર કર્યો છે. પોતાની ભૂલોને હિમાલય જેટલી ભૂલ કહેવામાં જે સચ્ચાઈ અને નિરાભિમાન છે તે બધા માણસો નથી કેળવી શકતાં કેટલા પોતાની ભૂલોનું વારસાનું રક્ષણ કરતાં હોય તેમ સ્વબચાવ કરે છે. ફિલ્મ 'કોરા કાગઝ'માં અતિ સ્વમાની પ્રોફેસર એની પત્નીથી વિખૂટા પડી ગયા પછી એક રેલ્વે સ્ટેશન પર મળે છે ત્યારે પત્ની પૂછે છે 'ક્યા સારા દોષ મેરા હી થા ? અને પતિ કહે છે, કુછ તુમ્હારા, કુછ મેરા ઔર કુછ હમ દોનો કા...

ભૂલ કરવી કે સ્વીકારવી એમાં ક્યાંય બનાવટી તર્ક કે વિકૃત દલીલબાજીનું સ્થાન નથી. કોઈ માણસ કેટલો નિખાલસ, વિવેકી અને નમ્ર છે એને માપવાનો એક માપદંડ છે. એ પોતાની ભૂલનો એકરાર કરે છે કે ઈનકાર ? જો હા, તો એ નિખાલસ માણસની યાદીમાં રહેવા લાયક છે. ભૂલનો એકરાર કરવો જ નહી પણ કોઈ દલીલ વગર, પ્રયત્ન વગર સામેનો માણસ એ ભૂલ તરફ આંગળી ચીંધે તે પહેલા આત્મપ્રતીતિના લીધે જ માણસ સામેથી ભૂલ ને સ્વીકારે છે એનામાં મહાનતાના બધા જ ગુણો છે પણ જે માણસ પહાડ જેટલી ભૂલ કરીને એનો લૂલો બચાવ કરતો રહે એની આત્મપ્રતારણાની દુનિયામાં રહેવાની પૂરી આઝાદી આપવી જોઈએ. ઘણીવાર ભૂલ થઈ જશે એવા ડરથી ઘણા લોકો મોટો નિર્ણય લેવાથી દૂર રહે છે. તેવો મોટા હોદ્દા સ્વીકારતા નથી. મહત્વકાંક્ષી માણસો એ નિર્ણય લેવો જ પડે છે. અને નિર્ણય લઈએ એટલે ભૂલ થવાની સંભાવના પણ વધી જાય છે. ભૂલ કરીએ તો સુધારવાની તક ઘણીવાર મળી રહે છે અને આમ કરતાં કરતાં માણસ પ્રગતિના પંથે આગળ વધે છે. જુવાનીમાંજ ભૂલ થાય છે તેવું નથી નિવૃત્તિની આરે પણ પહોંચતાં ગમે તેવા ચતુર માણસો પણ ભૂલ કરી બેસે છે. હિટલર, નેપોલિયન, સીકંદર, ગાંધી, લિંકને પણ મોટી ઉંમરે ભૂલો કરી છે. પોતાની ભૂલ જાણ્યા પછી તેને પકડી રાખવી તે હઠાગ્રહ કહેવાય તેના કરતાં ભૂલની કબુલીયાત તે પછી ભૂલ ન થાય તેના માટે ચોક્કસ રહેવું તે પણ એક શિક્ષણ છે. ઈતિહાસનું જે નિર્માણ થાય છે તે ભવિષ્યની પેઢીને માટે શિક્ષણ છે. તે શિક્ષણાત્મક છે જે ભૂલોના પુર્નરાવતનને અટકાવે છે. કોઈ માણસ એવો નહિ હોય કે જેને જીવનમાં કદી ભૂલો જ ન કરી હોય.

ભૂલ પછી માનવ જીવનમાં પરિવર્તન જ થાય છે. એક નવો રસ્તો શરૂ થાય છે. એક ભૂલ જીવનમાં લાંબા સમયની આપત્તિનું નિમિત્ત બને છે. એમ સાચો નિર્ણય ને કારણે દુષ્પરિણામોને નિવારી શકે છે. જ્યારે સમવયસ્ક મિત્રો કે પતિ-પત્નિ ભૂલના વિવાદનું નિમિત્ત બને ત્યારે પ્રશ્ન એ છે કે કોણ ભૂલ સ્વીકારે ? અને કોણ પહેલ કરે ? ક્યારેક બન્ને પક્ષો સમજતા હોય છે, પણ અંદરનો અહંમ સ્વીકારવામાં અંતરાયરૂપ બને છે. પોતાની મિલકતનું જતન કરતાં હોય તેમ ભૂલનો બચાવ કરે છે. આ વાક્ય 'એડમંડ બર્ક'નું છે. કેટલું સાચુ વાક્ય છે. વાસ્તવમાં ભૂલનો એકરાર કરવાથી ભૂલની ધાર બુઠ્ઠી થઈ જાય છે. ભૂલોનો જ અને અતાર્કિક બચાવ કરતા જ રહેવાથી સામેની વ્યક્તિમાં બમણો ગુસ્સો જન્મે છે.

ભૂલનો Acid-Wash છે "Sorry". પતિ પત્ની વચ્ચે પણ કોઈ વ્યવહારમાં ભૂલ થાય તો Sorry કહેવામાં કોઈ નાનપ ન આણવી તેથી આગળ Sorry સાથે I Love You નો ઉચ્ચાર થી ભૂલ ઓગળી જાય છે ને મીઠાસ વધી જાય છે. પતિ-પત્નીમાં ત્રીજી વ્યક્તિના પ્રવેશથી બાળકોનું ભાવી ને વર્તમાન અસ્ત વ્યસ્ત થઈ જાય છે. થોડા જ સમયમાં તેનું પરિણામ વિચારતા ફરી આવુ નહી થાય કે સંપર્ક નહી રહે આવા વાક્યો દાંપત્ય જીવનને ટકાવવામાં ખૂબ મદદ કરે છે. જીવનને અંધારામાં જતુ અટકાવે છે. છુટ્ટા છેડાના મૂળ Sorry શબ્દ થી ઉડી જાય છે.

એક જ ભૂલ કાફી છે, બદનામ થવા માટે
હજારો સુધારાઓ ઓછા છે,
એ બદનામીથી છુટકારો મેળવવા માટે,
એક કટુ શબ્દ કાફી છે, સંબંધ બગાડવા માટે,
હજારો શબ્દો છે ઓછા, બગડેલ સંબંધ સુધારવામાટે પ્રત્યેક ભૂલમાંથી સફળતાનું ફૂલ ઉગે છે ને પ્રત્યેક ભૂલો નવો ઈતિહાસ રચવાના મૂડમાં રોપાયેલું બીજ છે. પ્રત્યેક સફળતા પછીપણ નવી સફળતા આપણી રાહ જુવે છે. ભૂલ આપણને અપગ્રેડ અને અપડેટ કરે છે. ભૂલ થયા પછી ઉદાસીનાા કે નીષ્ફળતા સ્વીકારવી પડે તો નીષ્ફળતા પછી સફળતાનો આનંદ વધુ સારો લાગે છે. ઉદાસ રહેવા વિના આનંદનો અનુભવ કેવી રીતે મળશે ? કાયમ ઓનલાઈન રહેલો વોટસપણ વિરહને ઝંખે છે. ફેસબુક પર પોસ્ટ કર્યા પછી લાઈક અને કોમેન્ટ્રીસની રાહ જીવનની ગતીનુ માફસરનું પ્રમાણ છે. ઝડપ જરૂરી છે. પણ ઝડપવાનું બિનજરૂરી છે. પ્રત્યેક ભૂલ અનુભવનો અભ્યાસ ક્રમ છે તે પ્રત્યેક ભૂલ આપણને ટયૂસન વગરના વિદ્યાર્થીની જેમ ભણાવે છે. ચઢાવ ઉતારની યુનિવર્સિટીમાં આપણે રોજ પરીક્ષા આપીને આપણુ પેપર જાતે જ ચેક કરવાનું છે.

તળેટી પણ શિખર બની શકે છે.

✣ ✣ ✣ ✣ ✣

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - સંચાલિત
# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત
# ટેલિફોન ડીરેક્ટરી ૧૧મી આવૃત્તી

જે આપ સૌ રાહ જોઈ રહ્યા હતા તે ડીરેકટરીની બીજું પ્રુફ તા. ૯-૫-૧૫ થી ૧૯-૫-૧૫ સુધી નીચેના સેન્ટર પર મૂકવામાં આવશે તેની નોંધ લેવી. તમારા નામની અને નંબરની ચકાસણી કરી લેવી કંઈ ભૂલચૂક હોય તો તેમાં સુધારો કરી લેજો.

તમારા સગાવ્હાલા બહારગામ તથા પરદેશમાં રહેતા હોય તો તેમના નંબરની પણ ચકાસણી કરી લેવી, તે માટે મંડળ જવાબદાર રહેશે નહીં.

જેમણે ફોર્મ નથી ભર્યા તેઓ વહેલી તકે ફોર્મ ભરીને આપી દે. ફોર્મ પ્રુફ સાથે મુકવામાં આવશે.

**પ્રુફ માટેના સ્થળોઃ**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘઃ** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૪, સમય બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦

૨) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ :** ૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ-૨, સમયઃ ૪ થી ૬

૩) **મયુર ટ્રેડીંગ કોર્પોરેશન :** ૧૫૮/૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૩, સમયઃ બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦

૪) **દોશી અજય પ્રવીણચંદ્ર :** બી-૧૨, નવરીલપવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, (EXT-1) ઈર્લા, વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૫૬, સમયઃ સાંજના ૫.૦૦ થી રાત્રે ૮.૦૦

૫) **કડકીઆ ગોપાલ રમણલાલ :** ૫/૫૦૧, જ્ઞાનદર્શન, એસ.વી.પી.રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭, સમયઃ ,સાંજના ૫.૦૦ થી રાત્રે ૮.૦૦

૬) **નીલેશ નવનીતલાલ શાહઃ** સી ૧૪, સરદાર સ્મૃતિ, એસ.વી.પી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, સમયઃ સાંજના ૫.૦૦ થી રાત્રે ૮.૦૦

**નોંધ : ૧૯-૫-૨૦૧૫ પછી કોઈપણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**

**સંયોજક/સહમંત્રી : શ્રી જસ્મીન બીપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## સત્યમ શિવમ્ સુંદરમ ...
# 'પ્રતિક્રમા'

✍ કિરીટ રમણલાલ ધારીઆ

સત્ય છે તે શિવ પણ હોઈ શકે છે ને સુંદર પણ હોઈ શકે છે. આ ત્રણે અરસપરસ જોડાયેલાં રહે છે. અવિનાશી સત્ય નું સ્વરૂપ કલ્યાણકારી અને સુંદર બને છે.

સર્જનહારે કુદરત બનાવી અને સૌની આચાર સંહિતા જીવન જીવવાની શૈલી-તેના નિયમો-કેટલું બધું સ્વરૂપ ઈશ્વરે ભર્યું છે. સૂર્ય કરોડો વર્ષોથી પોતાની શક્તિને ઉર્જા માનવને આપે છે. સાગર પોતાની શક્તિને ઉર્જા માનવને આપે છે. સાગર પોતાની મર્યાદામાં રહીને વહેતો રહે છે. ઋતુ પ્રમાણે કુદરતના ફેરાફેરો ક્રમબદ્ધ ચાલતા રહે છે. માનવીના હસ્તક્ષેપને કારણે આજે બધે ઉલટસૂલટ ક્રમ થઈ જાય છે. સાતત્યતા અને સર્વોપરિતાને શિસ્તપાલનને લીધે જ એની રચનાને સત્યમ્ - શિવમ્ - સુંદરમ્ કહી શકાય.

વિજ્ઞાનથી આપણને મળ્યું છે.

Physics, Geography, Geology, Oceanography, Biology, Botany, Zoology, Embryology etc.

IN ASTRONOMY

From Bigban-Galaxies are created & From Galaxies-Planets are made.

Earth Planet is like ostrich Egg.

SUN is motionless at centre of Solar System. Planets rotate upon their Axis at irregular speed. Universe is expanding called BRAHMAND. SUN IS OUR MAIN SOURCE OF LIFE ENERGY.

દરેક જીવ જીવનને ચાહે છે અને આનંદની ઈચ્છા રાખે છે. આનંદ એ જીવનની છેવટની અભિવ્યક્તિ છે. આનંદ એ જીવનનો ખોરાક છે. આપણી જીવન શૈલી યથાવત રાખી, કારણ કે અનિશ્ચિત ભાવિના યુગમાં જીવી રહ્યા છીએ. આજે મનુષ્યને વિચારવાનો સમય નથી તેને શું જોઈએ છે. સમય એ મોટો ગુરુ છે. સમયને એ વ્યક્તિ જ ઓળખી શકે છે. જેણે પોતાના મનને સ્થિર રાખ્યું છે.

અંતરના નિર્મળ ભાવ વગર આપણે આપણી જાતને અને વિશ્વને ક્યારેય સમજી શકવાના નથી. એજ સત્ય છે. એજ શાશ્વત છે. એને સ્વીકારશું ત્યારે જ, પરિતાપને બદલે પ્રગતીના પંથે પ્રયાણ કરી શકશું.

સ્થિર અને સ્વસ્થ મનમાં દરેક સમસ્યાનું સમાધાન અંતર સ્ફુરણાથી થઈ જાય. જેની સાથે ગુરુ હોય તેનું મન ગુરુકૃપાથી સ્વસ્થ હોય છે જે સમર્પિત થઈ શકે છે. એજ સમાઈ જાય છે. તને જ આનંદ સ્વરૂપ છો.

તમારી જાતને ઓળખી શકશો તો દુનિયાની સૌથી સુખી વ્યક્તિ તમે જ હશો. જ્ઞાનનો ઉપયોગ શક્તિ આપે છે. શુભ કર્મોનું વાવેતર કરી, શુભ સંયોગ પામી, શુદ્ધ થવું, તે માનવીનું શ્રેષ્ઠ ફળ છે. એને સ્વીકારવાનો સંકલ્પ કરી પ્રગતિના પંથે પ્રયાણ કરીએ.

કદાચ તમારી માનસિક અશાંતિનું કારણ તમારું મન જ હોય ! તેથી તમારી અશાંતિ તમે જાતે જ દૂર કરવા શક્તિમાન છો. ઈશ્વરના કાર્યની ટીકા કરશો નહિં, કારણ કે, ઈશ્વર ઘટનાઓના વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની સમગ્ર દ્રષ્ટિએ વિચાર કરે છે. માનસિક શાંતિની અપેક્ષા માટે પહેલાં તમારી જાતને સુધારો. હિંમત હારી જાઓ ત્યારે ધર્મગ્રંથો અથવા મહાન આત્માઓએ લખેલા પુસ્તકો વાંચો. તમારી જરૂરિયાતો ઘટાડીને રાજા જેવી લાગણી અનુભવો. માનસિક શાંતિ અને ભૌતિક ચીજોનો લોભ કટ્ટર વિરોધી છે.

કરવા યોગ્ય જ કામ કરો.

આત્માની ઉન્નતિમાં રચ્યા રહો.

દલીલબાજીથી દુર રહો.

તમારી જાત પ્રભુને સપૂર્ણ સમર્પિત કરી દો અને અખંડ શ્રધ્ધા રાખો.

અપરાધોથી ડરશો નહીં. જીવનમાં ઉચ્ચ આદર્શો હોવા જોઈએ અને એ આદર્શો સિદ્ધ કરવા ઝઝુમવાની તમન્ના હોવી જોઈએ. જીવનમાં શાંતિની જેટલી કિંમત છે એટલી પૈસાની નથી. સારા-નરસાનો વિવેક કરતાં શીખો બધાંમાં ઈશ્વર દર્શન કરો. સ્થિતપ્રજ્ઞ બની મનને સમતોલ રાખો. વર્તમાનમાં જ જીવો. પારકી આશા સદા નિરાશ. વિચાર, વાણી અને વર્તનમાં સામ્ય રાખો અને માંગ્યા વગર સલાહ આપવા દોડી જશો નહિં. સતત સત્‌કાર્યમાં પરોવાયેલા રહો. તમામ પરિસ્થિતિમાં શાંત રહેજો. ઈશ્વરની ઈચ્છા એજ મારી ઈચ્છા.

સત્યમ્‌ની સાથે શિવમ્ હોય એટલું બધું સુંદરમ્ જ હોય.

આંખોની ઉપર ચિત્તમાં વિશેષ કાર્યક્ષમતાનું સ્થાન છે. તેથી હિંદુસંસ્કૃતિમાં તે સ્થાને વિભૂતિ, ચંદન અથવા કંકુનું તિલક કરવામાં આવે છે. ત્યાં મનોમય દિવ્ય જ્યોતિ વિદ્યમાન છે તે મહાન દેવત, દિવ્ય જ્યોતિર્મય શક્તિ છે. તેને કારણે ચિત્તમાં સ્પંદન થાય છે. ધ્યાનમાં તે જ્યોતિનું તમને દર્શન થશે. ધ્યાનએ પરમ શાંત દશા છે જેને પ્રાપ્ત કરવાથી મનુષ્ય પરમાનંદ પામે છે. ચંદનને પથ્થર સાથે ઘસવાથી શીતળતા અને સુગંધ આવે છે, પરંતુ ચંદનને ચંદન સાથે ઘસવાથી અગ્નિ પેદા થાય છે.

સત્યનો સાક્ષાત્કાર અંદરથી જ થવો જોઈએ. આમ સુવિવેકથી જગતનું જ્ઞાન મેળવી, જગતની સર્વ પ્રવૃત્તિનું સત્ય સમજી, જગતનો આશ્રય છોડી, પોતાના આત્મામાં મગ્ન બની, મસ્ત જીવવું એનુ નામ પરમ વૈરાગ્ય છે.

ભગવાને ગીતામાં પણ કહયું છે કે મનુષ્ય પોતે જે પોતાનો શત્રુ બની જાય છે. પોતાનું બુરુ તે પોતે જ કરે છે. પોતે જ પોતાને ક્ષુદ્ર માને છે. પોતાનું નરક પોતે જ બનાવે છે. માટે તમે જાતે જ તમારો ઉદ્ધાર કરો. તમારી દ્રષ્ટિને વિશાળ બનાવો. હું તે છું. જેને લોકો ભગવાન કહીને પૂજે છે, આ જ ભાવ રાખો.

જગત એક નાટક છે અને અંતરાત્મા એક નાટકની રંગભૂમિ છે. નાટકમાં માત્ર રામથી જ કામ થોડું ચાલે ? તેમાં તો રાવણનું પાત્ર હોય તો જ જામે. આ જગત ત્રિગુણાત્મક છે, રજસ અને તમસની અપેક્ષાએ તો સત્વ ટકી શકે. જો રાક્ષસ ન હોય તો દેવતા કયાંથી ઉતરશે ?

અહંકાર ચાલ્યો જશે તો જીવ સ્વયં પરમાત્મા જ છે. પછી તેને બીજા કોઈ પરમાત્મા પાસે જઈને મળવાની જરૂર નહીં રહે, માટે અહંકાર છોડી દો.

શરીર વિજ્ઞાન આ શરીરનું કેટલીય રીતે વર્ણન કરે છે. શરીર કંઈ નથી તે તો અન્નનો રસ છે. અન્નરસથી એક વિર્યબિંદુ બને છે આખું શરીર એક બિંદુનું જ પ્રસરણ છે. આમ વીર્યબિંદુથી બનેલું શરીર અન્નમય પૃથ્વી ઉપર જીવે છે. અન્ન જ ખાય છે અને અન્નથી જ વૃદ્ધિ પામે છે. અન્નમાં નિવાસ કરે છે અને અંત અન્નમય પૃથ્વીમાં જ વિલિન થઈ જાય છે. ભિન્ન ભિન્ન વસ્તુ છે જ કયાં ? માટીમાંથી પેદા થયેલો ઘડો માટીથી જુદો નથી, તે માટી જ છે. સૃષ્ટી આપણી દ્રષ્ટિમાં છે.

બ્રહ્મ જ સર્વ નામ રૂપ, ક્રિયાઓને ધારણ કરે છે. જગત શૂન્ય નથી, જડ પણ નથી અને બીજું પણ કઈ નથી તે તો બ્રહ્મનો જ અનંત વિકાસ છે. ભગવદ્ તત્વને સમજયું છે અને પરમતત્વને પ્રાપ્ત કર્યું છે. આવા પરમ પુરુષ પરમેશ્વરનું દર્શન કરનાર જ મનુષ્ય હોય છે. મનુષ્ય પોતાની પૂર્વ વાસના, પૂર્વ સંસ્કાર અને

રજોગુણથી ઉત્પન્ન થતી કામનાઓને કારણે પાપ કરવા પ્રેરાય છે.

ભગવાનની યોગમાંથી જન્મેલો આ સંસાર ક્ષણભંગુર, નાશવંત અને દુઃખરૂપ છે, બ્રહ્મલોકથી શરૂ થઈ પાતાલ સુધીના જેટલા લોક છે એ બધા અને એમાં નિવાસ કરનાર યોનીયો, એ મનુષ્ય શરીરમાં કર્મ કરવાનો અધિકાર બને છે. એને ધર્મનો અધિકાર છે.

Q.Why Satyam Shivam Sundram.

A. Satyam is Sunderam and Presence of Shivam is "Sat Chit Anand" & "Anand ki Anubhuti.

સ. સત્યમ્ - શિવમ્ સુંદરમ્ ?

જ. સત્ય હંમેશા સુંદર છે અને સાથે શિવથી આનંદની અનુભૂતિ અને સ્ત ચિત આનંદનો અનુભવ.

✤✤✤✤✤

### શ્રી બા.ન. સંઘ સંચાલિત
### શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત
# મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગનો વર્ષ ૨૦૧૫-૧૬નો પ્રથમ કાર્યક્રમ મહિલા વિભાગના ભૂતપૂર્વ સંયોજકોનું સન્માન અને સાથે ગુરૂકુલ એકેડમીના Wonder Kids ની સપ્તરંગી Musical Event ૧૯-૬-૧૫ શુક્રવારે બપોરે ૩ કલાકે જયંહિદ કોલેજના ઓડિટોરિયમ ચર્ચગેટ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પાસના રૂપિયા ૮૦ રાખવામાં આવ્યા છે. પાસ ૨-૬-૧૫ મંગળવારે સંસ્થાની ઓફિસમાં ૩ થી ૪ દરમ્યાન આપવામાં આવશે. મહિલા વિભાગમાં કમીટી મેમ્બર તરીકે કામ કરવા ઈચ્છતી બહેનો કોઈ પણ કમીટી મેમ્બર અથવા સંયોજકનો સંપર્ક કરી શકે છે. **સંયોજક અમી ધારીયા - ૯૯૬૯૧૧૪૦૮૩**


શ્રી યોગેશ રમણલાલ પરીખ (જુનાગઢવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત
## ઓચ્છવલાલ નાથજીભાઈ શેઠ હાઈસ્કૂલના સુવર્ણ મહોત્સવની શાનદાર ઉજવણી
## શેઠ પરિવારનું રૂપિયા એકાવન લાખનું માતબર દાન

ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સ્વર્ણિમ જયંતીની સુયોગ મહોત્સવનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર અને મંડળ દ્વારા આયોજિત ત્રણ દિવસના વિવિધ કાર્યક્રમો દ્વારા પ્રસંગને યાદગાર બનાવવામાં આવ્યો.

**તારીખ ૨૧-૨-૧૫ના રોજ હાઈસ્કૂલથી માર્ચ ફોર ડીગ્નીફીકેશન રેલી** નગરના મહાનુભાવો સાથે જુદા જુદા માર્ગો પરથી પસાર થઈ હતી.

**તા. ૨૩-૨-૧૫ના દિને સન્માન સમારંભ, સાંસ્કૃતિક કાર્યક્રમ**માં ૧૬ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ પ્રેક્ષકોનું મન મોહી લીધી હતું.

**તારીખ ૨૪-૨-૧૫ના રોજ સુવર્ણ જયંતી મહોત્સવનો** કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે, મણીગૌરી ઓચ્છવલાલ શેઠ શૈક્ષણિક સંકુલ - ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલમાં યોજવામાં આવ્યો. પ્રારંભમાં મણીગૌરી ઓચ્છવલાલ શેઠની પ્રતિમાનું અનાવરણ શેઠ પરિવાર વતિ શ્રી જ્યોતિવદને કર્યુ. શાળા સમિતીના ચેરમેન શ્રી મણીકાંત કડકીઆએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું. અગાઉની કોરોનેશન હાઈસ્કૂલનું ૧૯૬૫માં વિભાજન થતાં વિદ્યાર્થીઓની બોયઝ હાઈસ્કૂલનો આરંભ થયો. શાળાના વિકાસમાં શેઠ પરિવારનું યોગદાન અનુકરણીય રહયું છે. અનુબેન, તરુબેન અને પ્રફુલ્લભાઈ શેઠ વિકાસ માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે.

શ્રી જ્યોતિવદન શેઠ દ્વારા થયેલી જાહેરાતને તમામ દર્શકોએ ઉમળકાભેર તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. આ બધા પાછળ યલોબેન, પીન્કીબેન, દિલીપકુમાર, અનિલભાઈ, યોગેશભાઈ, ચેતનાબેન, લોપાબેન, નયના, રાજુભાઈ, સરોજબેન, ઉષાબેન, કામિલ, સંગીતા અને જ્યોતિવદન વગેરે સમગ્ર પરિવારનું યોગદાન રહયું છે.

આ પ્રસંગે ઉપસ્થિત અતિથિવિશેષ સાહિત્યકાર પ્રોફેસર પ્રવીણભાઈ દરજીએ ધનપતિઓ અને લક્ષ્મીપતિઓ વચ્ચેનો ભેદ સમજાવતાં કહયું હતું કે જે ધન વપરાતુ નથી, જેની પૂજા થતી નથી તે ધન છે. જ્યારે જે નાણા વપરાય છે જેની પૂજા થાય છે તે લક્ષ્મી છે. જેના ઉચ્ચારણો અશુદ્ધ હોય, વિદ્યાર્થીઓથી અતડો રહેતો હોય તે શિક્ષક, શિક્ષક નથી. કેટલું ભણાવશો તે અગત્યનું નથી પરું શિક્ષણથી કેટલા સંસ્કાર આપશો તે મહત્વનું છે. શિક્ષકોએ બદલાવું પડશે. શિક્ષણ સંસ્થા દિવાદાંડીરૂપ હોવી જોઈએ.

સમારંભ પ્રમુખ પ્રવીણભાઈ ઓ. દેસાઈ (દેડકી) એ પોતાના પ્રવચનમાં કહયું. શાળામાં વિદ્યાર્થીઓ મૂળ પાયો છે. તેઓ શાળાને આદર્શ સંસ્થા બનાવી શકે છે. આ શાળાના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ઉચ્ચ હોદો પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારે તેવી અપેક્ષા છે.

**અહેવાલ - શ્રી પ્રવીણ જે. સેવક - પત્રકાર.**
**જતીન દેસાઈ, નીતિન દેસાઈ - મંત્રીઓ**

**નોંધઃ જ્યોતિપુંજમાં પ્રગટ થતી જાહેરખબરો તથા અન્ય સંસ્થાઓના સમાચારો વ્યક્તિગત વિગતો માટે અમે જવાબદાર નથી.**


Chandresh Enterprise Corp. (Crompton - Schneider - Wipro)

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ – બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

### અનુકરણીય દાન

**વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન સંસ્થાને નીચે મુજબ દાન, સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ છે.**

૧) સ્વ. કીર્તનલાલ સાંકરલાલ ધારીયા (જાલીવાળા)ની સ્મૃતિમાં — રૂા. ૨૫,૦૦૦/-
હ. : કલ્પનાબેન અને કિરીટકુમાર કીર્તનલાલ ધારીઆ

૨) શ્રીમતી કલ્પનાબેન અને શ્રી કીરીટકુમાર કીર્તનલાલ ધારીયા — રૂા. ૫૦,૦૦૦/-

૩) શ્રીમતી કલ્પનાબેન અને શ્રી કીરીટકુમાર કીર્તનલાલ ધારીયા તરફથી Dr. Doruk અને Bela Ozgadize ના લગ્ન પ્રસંગે — ૪૦,૦૦૦/-

૪) શ્રી રાજકીરીટ ધારીઆ હ.: કલ્પનાબેન અને કીરીટકુમાર કીર્તનલાલ ધારીયા — રૂા. ૧૫,૦૦૦/-

૫) શ્રી જયંતભાઈ અને ઈલેન કડકીયા હ.: કલ્પનાબેન અને કીરીટકુમાર કીર્તનલાલ ધારીયા — રૂા. ૧૫,૦૦૦/-
(ઉપરોક્ત દાન તથા આગળ આવેલ શ્રી જયંત કડકીયા અને ઈલેન કડકીયા મારફત આવેલ દાન માટે સંસ્થા ડૉ. અતુલ કડકીયાનો આભાર માને છે.)

૬) સ્વ. પુષ્પાબેન નટવરલાલ મોદી (M.C.Mody) ની સ્મૃતિમાં
હસ્તે : કમલેશભાઈ નટવરલાલ મોદી કુશલના લગ્ન પ્રસંગે — રૂા. ૧,૦૦,૦૦/-

૭) કુમુદબેન કનુભાઈ ધારીયા (અણીયાદવાળા) હ.: કલ્પેશ કીર્તનલાલ ધારીયા — રૂા. ૧૧,૦૦૦/-

સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો, દાતા પરિવારો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. **કારોબારી સમિતી વતી.**

**માનદ્‌મંત્રીઓ : મંજુલ શૈ. ધારીયા, જાસ્મીન બી. શેઠ**

### જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે **સમીર જયેન્દ્ર ગાંધી** - નિકોશી ટ્રેડીંગ કાું. ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોનઃ ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭, Email: samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહીં.

**મંત્રી - ભાવેશ મોદી સંયોજક - સમીર ગાંધી**

### જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.

**૧. શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને જયપુર ફુટ (કુત્રિમ હાથપગ) કેમ્પ :** તા. ૨૦.૩.૨૦૧૫ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૦ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૧૫ દર્દીઓને ૧૯ આર્ટીકલનું ફ્રી વિતરણ રૂા. ૨૯,૦૦૦/-ના ખર્ચે કરવામાં આવેલ.

તા. ૧-૪-૧૪ થી તા. ૨૮-૨-૧૫ દરમ્યાન દર્દીઓએ લાભ લીધેલ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | - | સોનોગ્રાફી વિભાગ | - | ૪૯૧૬ |
| ૨. | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ | - | સુતિકા વિભાગ | - | ૮૫૩ |
| ૩. | લીલાબેન કીર્તનલાલ દોશી | - | નેત્ર વિભાગ | - | ૧૩૫૯૭ |
| ૪. | ઈચ્છાબેન ઓચ્છલલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) | - | મોબાઈલ વિભાગ | - | ૧૩૫૬૫ |
| ૫. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | - | ગાયનેક વિભાગ | - | ૧૫૬૬૧ |

**ટ્રસ્ટમાં નવનિર્મિત થનાર સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે વધુ નોંધાયેલ/મળેલ દાન :-**

૧. શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ (કલકત્તા) તરફથી રૂપિયા એક કરોડનું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.

(આઈ.સી.યુ.ના નામકરણ માટે) - ૫૦ લાખ

(બીજા માળના વીંગના નામકરણ માટે) - ૨૫ લાખ

(ત્રીજા માળના વીંગના નામકરણ માટે) - ૨૫ લાખ

૨. શ્રી રાજુલ મોહનલાલ પરીખ (લાય) - ૧ લાખ

સંસ્થા દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

**- માનદ્ મંત્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

## પ્રેમ

**- ઈન્દુ રોહિત દેસાઈ**

પ્રેમ આપણી સાધના છે પ્રેમ આપણો પંથ, જે પ્રેમથી તરબોળ છે તે જ સાચો સંત
પ્રેમ એક મંદિર છે પ્રેમ છે મૂરત પ્રેમ જ ભગવાન, પ્રેમથી થાળીમાં ભરી દો સમગ્ર પૂજાનો સામાન
પ્રેમ એ જ દીપક પ્રેમ એજ વાણી પ્રેમ એજ પાવન ગ્રંથ — જે પ્રેમથી.....
વેદ હોય કે સંતવાણી રામાયણ હોય કે ગીતા. જે સમજી ન શકે આ પ્રેમને રહે જીવન ભર નિરાશ
પ્રેમનો જે નિરંતર પાઠ સ્મરે તે જ સાચો પ્રેમી — જે પ્રેમથી.....
પ્રેમ છે પ્રબલ તેથી ટકી છે ધરા અને નભ, ઢાઈ અક્ષર પ્રેમનો જે સીખે તેનું રૂપ મહાન.
પ્રેમ જ સનાતન પ્રેમ જ પુરાતન નથી આદિ કે અંત — જે પ્રેમથી.....
નફરતનું જે ઝેર પસારે દુનિયા તો સારી જુઠ્ઠી છે. ધર્મના નામ પર સારા વિશ્વમાં લૂંટ છે.
જ્યાં પ્રભુનું મુસ્કાન છે ત્યાં પ્રેમની વસંત ખીલી છે. — જે પ્રેમથી.....


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

## અધિકમાસ નિમિત્તે વિવિધ ઉત્સવોનું આયોજન

**અધિક અષાઢ સુર ૧ને તા. ૧૭–૬–૧૫ થી અધિક અષાઢ વદ અમાસને તા. ૧૬–૭–૧૫ સુધી ઉજવવામાં આવનાર તિથિઓની યાદી.**

| | | |
|---|---|---|
| તા. ૧૭-૬-૧૫ | અષાઢ સુદ ૧ | સંવત્સર |
| તા. ૧૮-૬-૧૫ | અષાઢ સુદ ૨ | દ્વિતીયા પાઠ |
| તા. ૧૯-૬-૧૫ | અષાઢ સુદ ૩ | ઠકરાણી ત્રીજ |
| તા. ૨૦-૬-૧૫ | અષાઢ સુદ ૪ | ફતેહ ચોથ |
| તા. ૨૧-૬-૧૫ | અષાઢ સુદ ૫ | વસંત પંચમી |
| તા. ૨૨-૬-૧૫ | અષાઢ સુદ ૬ | ધનધન છઠની રાત |
| તા. ૨૩-૬-૧૫ | અષાઢ સુદ ૭ | મહાઉત્સવ |
| તા. ૨૪-૬-૧૫ | અષાઢ સુદ ૮ | ગોપાષ્ટમી |
| તા. ૨૫-૬-૧૫ | અષાઢ સુદ ૯ | દાનઘાટી |
| તા. ૨૬-૬-૧૫ | અષાઢ સુદ ૯ | નંદમહોત્સવ |
| તા. ૨૭-૬-૧૫ | અષાઢ સુદ ૧૦ | દશેરા |
| તા. ૨૮-૬-૧૫ | અષાઢ સુદ ૧૧ | ફૂલબંગલો |
| તા. ૨૯-૬-૧૫ | અષાઢ સુદ ૧૨ | ચાંદી બંગલો |
| તા. ૩૦-૬-૧૫ | અષાઢ સુદ ૧૩ | મહારાસ |
| તા. ૦૧-૭-૧૫ | અષાઢ સુદ ૧૪ | ચીર હરણ |
| તા. ૦૨-૭-૧૫ | અષાઢ સુદ ૧૫ | વિવાહ ઓચ્છવ |
| તા. ૦૩-૭-૧૫ | અષાઢ વદ ૧/૨ | ગિરીરાજ કુનવારો |
| તા. ૦૪-૭-૧૫ | અષાઢ વદ ૩ | અષ્ટ સખા મનોરથ |
| તા. ૦૫-૭-૧૫ | અષાઢ વદ ૪ | ગિરીરાજનો દૂધ અભિષેક |
| તા. ૦૬-૭-૧૫ | અષાઢ વદ ૫ | ફૂલ મંડળી |
| તા. ૦૭-૭-૧૫ | અષાઢ વદ ૬ | ફૂલનો હિંડોળો/ કાચનો હિંડોળો/ ચાંદીનો હિંડોળો |
| તા. ૦૮-૭-૧૫ | અષાઢ વદ ૭ | જલ-વિહાર |
| તા. ૦૯-૭-૧૫ | અષાઢ વદ ૮ | ઝુપડી મનોરથ |
| તા. ૧૦-૭-૧૫ | અષાઢ વદ ૯ | કુંજ મનોરથ/ ગુંસાઈજીનો ઉત્સવ |
| તા. ૧૧-૭-૧૫ | અષાઢ વદ ૧૦ | સાવન ભાદો (પૂ.સુરેશબાવાનો જન્મ દિવસ) |
| તા. ૧૨-૭-૧૫ | અષાઢ વદ ૧૧ | મહાપ્રભુજીનો જન્મ દિવસ |
| તા. ૧૩-૭-૧૫ | અષાઢ વદ ૧૨ | વામન દ્વાદસી |
| તા. ૧૪-૭-૧૫ | અષાઢ વદ ૧૩ | ચુંદડી મનોરથ |
| તા. ૧૫-૭-૧૫ | અષાઢ વદ ૧૪ | નાવનો મનોરથ |
| તા. ૧૬-૭-૧૫ | અષાઢ વદ અમાસ | વૃજ કમલ |

**નોંધઃ સમય અને મનોરથમાં ફેરફાર કરવાનો હક્ક મંદિરને રહેશે.**

આમ વર્ષમાં આવતા ઉત્સવો અધિક માસ દરમ્યાન ઉજવવામાં આવશે. રૂા. ૨૦૦૧/- ન્યોછાવર આપીને વૈષ્ણવ પોતાની પસંદગીના ઉત્સવ લખાવી શકે છે. એક દિવસના એકથી વધુ વૈષ્ણવો ઉત્સવો લખાવી શકાશે. ઈચ્છુક વૈષ્ણવો ટ્રસ્ટીઓનો સંપર્ક સાધી નામ લખાવી શકે છે. ન્યોછાવરની પહોંચ આપવામાં આવશે. આ મનોરથનો પ્રસાદ તા. ૩૧-૩-૨૦૧૬ સુધી આપવામાં આવશે.


વિશેષ માહિતી માટે ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી છે.

**ટ્રસ્ટીઓઃ મદન મોહનજી મંદિર, બાલાસિનોર**

## ચોકલેટ્સ


**'સ' થી શરૂ થતી વિગત ઉકેલો :-**

(૧) દિવસ નો એક ભાગ.
(૨) તમે મને પૂછપૂછ ન કરો.
(૩) ફઈ એ પાડયું દિકરીનું નામ
(૪) મારો દિકરો હોય એટલે તીર વાગે જ
(૫) તમે ઘણા મજબૂત છો.
(૬) ભોજનમાં સાથે જરૂર ખાજો.
(૭) સદ્‌ગુણી પુત્ર છે.
(૮) બહુ ઉંચી ઉડાણ ભરે છે.




**જવાબ :** (૧) સવાર, (૨) સવાલ, (૩) સપના (૪) સફળ (૫) સશક્ત (૬) સલાડ, (૭) સપૂત, (૮) સમડી

## પગથિયા




(૧) ઋતુ (૨) રમત (૩) ફળ
(૪) ભગવાન (૫) છોકરી
(૬) તહેવાર
(૭) નવા વર્ષના લઈ લો.

**જવાબ :** (૧) વસંત (૨) સંતાકુકડી (૩) કલિંગર (૪) ગણપતિ (૫) આરતી (૬) રમઝાન (૭) શુકન

**આ ગણતરી તમને ૨૦૧૫નું મનપસંદ મેગેઝીન કહી દેશે. ધ્યાનપૂર્વક ગણજો**

**નીચેમાંથી એક અંક પસંદ કરો.**

**૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯**

**હવે તેને ૩ વડે ગુણો**

**તેમાં ૩ ઉમેરો.**

**ફરી વખત તેને ૩ વડે ગુણો**

**હવે જે બે આંકડાની સંખ્યા મળી**

**તે બંને અંકોને જોડો.**

**આ છે તમારા પસંદગીના નંબરનું મેગેઝીન**

**જવાબ :** (૧) ચિત્રલેખા (૨) અભિયાન (૩) જનકલ્યાણ (૪) મનોહર કહાનિયાં, (૫) ઈન્ડીયા ટુ ડે (૬) દલાલ સ્ટ્રીટ (૭) સાપ્તાહિક (૮) ભવિષ્યવાણી (૯) જ્યોતિપુંજ (સિવાય કોઈ નહીં.)

# શ્રી બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય ગુપ્તદાન

આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ)નું માતબર ગુપ્તદાન એક અતિ સુસંસ્કૃત અને અથિ ઉમદા ભાવનાશીલ પરિવાર તરફથી નામ અને જાહેરાત ન આપવાની આકરી શરતે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓના કોમ્પ્યુટર ટ્રેનીંગ માટે ફી પેટે મળ્યું છે.

આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ તરફની સંપૂર્ણ સંવેદના સાથે અને કોઈપણ જાતના માનપત્ર કે પ્રસિદ્ધિ ન પામવાની અતિ ઉમદા ભાવના સાથે આ ગુપ્તદાનનું યોગદાન મળ્યું છે.

ત્રણ વર્ષ પહેલા પણ રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) નું દાન આ પરિવારે જ અમેરિકા ખાતે સ્થાયી થયેલ છે. પરંતુ વતન પ્રત્યેના ઋણ અને પ્રેમને આધીન થઈ આપ્યું છે. આવા ઘણા ગુપ્તદાન સંસ્થાને અપાવતા આપણા મુરબ્બી શ્રી પ્રવિણચંદ્ર મુલજીભાઈ ધારીઆ (CA) ના યોગદાન ની નોંધ લેવાની ફરજ પડે છે.

આપણે માણસને ઓળખતા નથી. પરંતુ ભગવાનને ઓળખીએ છીએ કોઈ માણસ આપણને ક્યારે આપશે ? ભગવાને મોકલ્યું હોય તો ! ટપાલી મનીઓર્ડર ન લાવે તો ટપાલી પર ગુસ્સે ન થવાય. વચ્ચેના માણસોતો પોસ્ટમેન છે. ઉપરથી આવેલું મનીઓર્ડર તે લાવે છે.

જીવનમાં ચતુરાઈ કામ નથી આવતી. ચારિત્ર્ય કામ આવે છે. ભગવાનને પણ ચતુર વ્યક્તિ નહીં પણ હૃદયથી સાચી વ્યક્તિ પસંદ છે.

ગુલાબના છોડ પર કાંટા અને ફૂલ બંને હોય છે કાંટા જોનારા રડશે અને ફુલ જોનારા હસશે. Perception બધા લોકો પાસે છે પણ Vision બહુ ઓછા લોકો ધરાવે છે. તેથી જ Visionery લોકોનું મહત્વ છે.

શ્રેષ્ઠ માણસો જેવું આચરણ કરશે તેને બીજા લોકો અનુસરશે.

સંસ્થા જ્યોતિપુંજના માધ્યમ દ્વારા જાહેરમાં દાતા પરિવારનો આભાર અને ઋણ સ્વીકાર કરે છે. અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

**- બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧. શોભનાબેન દિનેશ પરીખ**
૯૦૩, પુષ્પ વિનોદ-૩, સ્વામી વિવેકાનંદ રોડ,
બોરીવલી (વેસ્ટ), મુબંઈ-૯૨,
પરીખ દિનેશ મણીલાલ - ૯૩૨૬૪૭૨૭૭૧
પરીખ શોભના દિનેશ - ૦૯૯૩૮૩૩૨૯૧૮
પરીખ વિમલ દિનેશ - ૦૯૮૬૭૪૩૦૭૮૮

**૨. Lataben Chandakant Parekh**
N.G.Park, Building No.6, B Wing,
5tH Floor, Room No. 501,
Rawalpada, Dahisar -EAST

**3. Prajesh Deepak Kadakia (Khisadar)**
47, 4th Floor, Prem Court, Near Jaslok
Hospital, Pedder Road, Mumbai -26,
Ph: 23538961

## નવા ટેલીફોન નંબર

૧. મહેશચંદ્ર આર. દેસાઈ
સંદીપ મહેશચંદ્ર દેસાઈ
મનિષ મહેશચંદ્ર દેસાઈ
- ૦૩૩ ૨૪૩૮૩૭૮૬

## તેજસ્વી તારલા

આકાશ કિરણભાઈ ઝવેરી (અમદાવાદ) ગુજરાત યુનિવર્સિટીમાં Final M.B.B.S. મા 70.5% સાથે ઉર્તીણ થયેલ છે. યુનિવર્સિટી દ્વારા Top-50 ની જાહેર કરેલ યાદીમાં તેઓએ ૪૦મું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

**સંસ્થાવતી હાર્દિક અભિનંદન**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મહેન્દ્ર રમણલાલ મોદી (શહેરાવાળા) | ૬૯ |
| મનોજ નટવરલાલ ધારીયા (કુણીવાલા) | ૫૧ |
| સુરેશચંદ્ર મણિલાલ દેસાઈ (પેઢીવાળા) | ૮૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**